# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ.

## દ્વિતીય સત્રાંત કસોટી - 2023-2024

| | | |
|---|---|---|
| **તા.** : 13/04/2024 | **ધોરણ :- 7** | **ગુણ :-** 80 |
| **વાર :- શનિવાર** | **વિષય :- ગુજરાતી** | **સમય :-** 8.00 **થી** 11.00 |

**પ્ર-1 આપેલ ફકરાના આધારે પ્રશ્નોનાં જવાબ આપો.** (5)

આપણને ધરતી જે અન્નજળ આપી ઉભી છે, અરે ! જે ધરતીની ગોદમાં આપણે જન્મ લીધો છે એ ધરતી માટે પ્રેમ અને સમર્પણની ભાવના હોય તો જ આપણી માટે એના જેવા બીજી કોઈ અન્નદાતા નથી. સમર્પણ કરીને પણ માતૃભૂમિનું રક્ષણ એ દરેક દેશવાસીની ફરજ છે અને એટલે જયારે આ દેશની સ્વતંત્રતા ઉપર તરાપ વાગી હતી ત્યારે સેંકડો દેશભક્તો મહામૂલી સ્વતંત્રતા પુનઃપ્રાપ્ત કરવા મોઘાં બલિદાનો આપ્યાં છે.

1. આપણી ફરજ શી છે ?
2. ધરતી શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.
3. સ્વતંત્રતા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શું થાય ?
4. માતૃભૂમિની સેવા માટે તમે શું કરશો ?
5. આપણને સ્વતંત્રતા કેવી રીતે પ્રાપ્ત થઈ ?

**પ્ર-2 (અ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** (6)

1. તમારા ગામમાં કયા-કયા અખબાર આવે છે ?
2. સિંહ અને મગર વચ્ચે યુદ્ધ કેમ થયું ?
3. શેઠની સૌથી નાની વહુ કેવી હતી ? શેઠે તેને શી જવાબદારી આપી ?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** (4)

1. તમારી માતા તમારી શી-શી કાળજી લે છે ?
2. સવાર થતા તમારી આસપાસ પ્રકૃતિમાં કયા-કયા ફેરફાર જોવા મળે છે ?

**પ્ર-3 (અ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** (4)

1. આપણું લખાણ કેવું હોવું જોઈએ ? શું ધ્યાનમાં રાખવું જોઈએ ?
2. ભાણાને શું સિવડાવવું હતું ? તે કોની પાસે ગયો ?

**પ્ર-3 (બ) નીચેના પ્રશ્નોનાં જવાબ આપો.** (6)

1. ઘોડેસવારે ગ્રામમાતા પાસે શું માગ્યું ? શા માટે ?
2. કવિના મતે ઉદ્યમી માણસ કેવો હોય છે ?
3. સવારને સોના જેવી શા માટે કહેવામાં આવે છે ?

**પ્ર-4 નિબંધ લખો. (કોઈ પણ એક)** (5)

* તમે માણેલો યાદગાર પ્રવાસ વિશે લખો.

**અથવા**

* તમે લીધેલી મેળાની મુલાકાત વિશે લખો.

**પ્ર-5 (અ) આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.** (2)

* આકાશ

**(બ) આપેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.** (2)

* અંધકાર

**(ક) આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.** (2)

* લાજ જવી -

**(ડ) આપેલ વાક્યમાંથી સંજ્ઞા શોધો.** (2)

* માલા સરસ લખે છે.
* સિંહ પાણીમાં લાચાર હતો.

**(ઈ) આપેલ વિશેષણનો ઉપયોગ કરી વાક્યમાં પ્રયોગ કરો.** (2)

* હોશિયાર

**પ્ર-6 નીચેની જાહેરાતનાં આધારે પ્રશ્નોના જવાબ આપો.** (5)

**આનંદ હોસ્પિટલ**

**ડૉ. મહેશ એમ. શાહ (એમ.ડી.)**

**દસ વર્ષથી આપની સેવામાં**

(અમારે ત્યાં તાવ, ફેફસાં, શ્વાસ, હૃદયની બીમારીનું સચોટ નિદાન કરવામાં આવે છે.)

| હેલ્પ લાઈન | ડૉક્ટરને મળવાનો સમય | સ્થળ |
|---|---|---|
| 1800 160050<br>24 x 7<br>આપની સેવામાં | સવારે 9:00 થી<br>બપોરે 2:00 સુધી | અક્ષત કોમ્પલેક્ષ<br>ડોક્ટર હાઉસ<br>ભુજ-કચ્છ |

નોંધ : અમારે ત્યાં મેડિક્લેમની સુવિધા ઉપલબ્ધ છે.

1. ડૉ. મહેશ શાહને કેટલા વર્ષનો અનુભવ છે ?
2. આનંદ હૉસ્પિટલમાં કઈ-કઈ બીમારીનું નિદાન કરવામાં આવે છે ?
3. તમારે જો હાડકું ભાંગ્યું હોય તો આ હૉસ્પિટલની મુલાકાત લઈ શકાશે ?
4. તાત્કાલિક માહિતી માટે શું ઉપલબ્ધ છે ?
5. હૉસ્પિટલમાં કઈ વિશેષ સુવિધા આપવામાં આવી છે ?

**પ્ર-7 (અ) વિચાર વિસ્તાર કરો. (બે માંથી કોઈ એક)** (5)

આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરંત;
જગમાં એવાં જનમિયાં અગરબત્તીને સંત.

**અથવા**

ફળો આવે છે, ત્યારે ડાળીઓ નીચે નમી જઈને;
ખરેખર નમ્રતા શું છે, જમાનાને બતાવે છે.

**(બ) નીચેની પંક્તિનો ભાવાર્થ સમજાવો.** (3)

1. મીઠાં મધુને મીઠા મેહુલા રે લોલ
2. ભૂરું છે નભ સ્વચ્છ-સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી.
3. ક્યાંક કમળ-સરોવરમાં ચમકી,
   સોના જેવી સવાર છે જી.

**પ્ર-8 નીચે આપેલી પરિસ્થિતિમાં તમે શું કરશો તે અનુમાન કરીને લખો. (કોઈ પણ બે)** (6)

1. તમે મેળામાં તમારા મમ્મી-પપ્પાથી વિખૂટા પડી જાઓ ત્યારે તમે શું કરશો ?
2. તમે ગ્રામપંચાયતની મુલાકાતે જાવ તો સરપંચને કેવા-કેવા પ્રશ્નો પૂછશો ?
3. તમે અને તમારા પાક્કા દોસ્ત વચ્ચે ઝગડો થઈ ગયો છે તો હવે તમે શું ઉકેલ શોધશો ?

**પ્ર-9 તમારી ગઈકાલનાં દિવસની દિનચર્યા લખો.** (8)

**અથવા**

**નીચેના મુદ્દા આધારિત વાર્તા બનાવો.**

ચાર ચોર - ચોરી કરવા જવું - પુષ્કળ માલ મળવો - જંગલમાં નાસી જવું - બે ચોરનું મીઠાઈ ખરીદવા નગરમાં જવું - મીઠાઈમાં ઝેર ભેળવવું - બીજા બે ચોરોની યુક્તિ - મીઠાઈની ખરીદી કરીને આવેલા બે ચોરોને કૂવામાં ધકેલી દેવા - મીઠાઈ ખાવી - ઝેર ચડવું - બોધ.

**પ્ર-10 (અ) આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.** (4)

શશાંક, પ્રસંગ, સર્ગ, સૃષ્ટિ

**(બ) આપેલ શબ્દ-જોડકાં વાંચી, બંનેના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** (4)

1. દિન-દીન
2. પાણિ-પાણી
3. વાર-વાળ
4. રંગ-રગ

**પ્ર-11 નીચના ટાઈમટેબલનાં આધારે પ્રશ્નોના જવાબ આપો.** (5)

| તાસ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | અંગ્રેજી | હિન્દી | સા.જ્ઞાન | વિજ્ઞાન | સા.જ્ઞાન | ચિત્ર |
| 2 | હિન્દી | અંગ્રેજી | અંગ્રેજી | ગણિત | ગણિત | ચિત્ર |
| 3 | ગણિત | સા.જ્ઞાન | હિન્દી | હિન્દી | વિજ્ઞાન | અંગ્રેજી |
| 4 | વિજ્ઞાન | કલાશિક્ષણ | શા.શિ. | કાર્યાનુભવ | અંગ્રેજી | હિન્દી |
| 5 | કલાશિક્ષણ | ગણિત | વિજ્ઞાન | અંગ્રેજી | કલાશિક્ષણ | |
| 6 | કાર્યાનુભવ | વિજ્ઞાન | ગણિત | સા.જ્ઞાન | હિન્દી | |
| 7 | કાર્યાનુભવ | શા.શિ. | પુસ્તકાલય | શા.શિ. | શા.શિ. | |

**નોંધ : અહીં દરેક તાસ 30 મિનિટનો છે**

- **પ્રશ્નો :**

1. બુધવારે પાંચમો તાસ કયા વિષયનો શીખવવામાં આવશે ?
2. શા.શિ. વિષય અઠવાડિયા દરમિયાન કેટલી મિનિટ ભણાવવામાં આવશે ?
3. કયો વિષય સતત 60 મિનિટ સુધી શીખવા મળશે ?
4. અંગ્રેજી વિષયનાં કુલ કેટલા તાસ છે ?
5. તમે જો બુધવારે શાળામાં ગેરહાજર રહો તો કયા વિષયનો આખા અઠવાડિયા દરમિયાન લાભ નહિ મળે ?

★